PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૯/ક્વા-૦૨/૨૦૨૩-૨૪/ ૨૯૯૧-૧ તારીખ : ૨૨ - ૦૯ - ૨૦૨૩

**રજી. એડી. પત્ર**

પ્રતિ,
રોહિતભાઈ જે. ભૂત (નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ)
પ્લોટ નં - **E-106-B**, લોધિકા જી.આઈ.ડી.સી. એસ્ટેટ, ,
મું. પો. . મેટોડા, તા. . લોધિકા , જી. : રાજકોટ ,
પીન કોડ. : ૩૬૦૦૨૧
મોબાઈલ : ૯૮૭૯૩૨૮૭૯૩

વિષય : એલ.ટી.એમ.ડી. વીજજોડાણમાં વધુ વિજબીલ આવવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૮-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૯/ક્વા-૦૨/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મેટોડા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
e-mail:forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૯/ક્વા-૨/૨૩-૨૪/૨૧૧૧-I તા. 22-09-23

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૯/ક્વા-૨/૨૩-૨૪ તા.૦૧-૦૮-૨૦૨૩

અરજદાર : શ્રી રોહિતભાઈ જે. ભુત, ગામ: મેટોડા
રજૂઆત કરનાર : હિતેશભાઈ મગનભાઈ કથીરિયા હાજર રહેલ હતા.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય
રજૂઆત કરનાર : શ્રી કે.એચ.બક્ષી,કાર્યપાલક ઈજનેર,પી.જી.વી.સી.એલ.,ગ્રામ્ય વિભાગીય કચેરી-રાજકોટ

## :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા
૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી આર.સી.પટેલ
૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : ૦૨.૦૯.૨૦૨૩ (શનીવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૨.૦૯.૨૦૨૩ (શનિવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં અરજદારશ્રી રોહિતભાઈ જે. ભૂતને બદલે હિતેશભાઈ મગનભાઈ કથીરિયા હાજર રહેલ હતા, પરંતુ ફરિયાદી અરજદાર રોહિતભાઈ જે. ભૂત જે તે જગ્યા માટે સામેવાળી કંપનીના ગ્રાહક નથી તેમજ હાજર રહેલ હિતેશભાઈ મગનભાઈ કથીરિયા દ્વારા રજૂઆત કરવા માટેની કોઈ ઓથોરીટી રજુ કરેલ નથી.

૧.૧ ફરીયાદી શ્રી રોહિતભાઈ જે. ભૂતની રજૂઆત મુજબ ગ્રાહક નં.૮૮૨૪૯/૦૨૪૪૧/૯ નો ઉલ્લેખ કરેલ છે, પરંતુ અરજદાર દ્વારા રજુ કરેલ વીજબીલમાં ગ્રાહકનું નામ નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ નોંધાયેલ છે. વધુમાં સદર બાબતે પીજીવીસીએલ દ્વારા કરેલ લેખિત રજૂઆત તા.૧૪.૦૮.૨૦૨૩ મુજબ સદર વીજજોડાણમાં ગ્રાહકનું નામ રોહિતભાઈ જે. ભૂત માંથી નિજાનંદ ઇન્ડસ્ટ્રીઝ થયેલ છે.

૨ ઉપરોક્ત મુદ્દા નં ૧.૦ અને ૧.૧ મુજબની વિગતો ધ્યાને લેતા નામદાર જીઈઆરસીના સપ્લાયકોડ નોટીફીકેશન નં. ૦૨ / ૨૦૧૯ ના ક્લોઝ નં ૧.૫ (ગ) મુજબ રોહિતભાઈ જે. ભૂત જે ફરિયાદીની વ્યાખ્યામાં સમાવિષ્ટ કરી શકાય નહી.

૧.3 આમ, ઉપરોક્ત મુદ્દા નં-૧.૨ મુજબની વિગતે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot